# મોડાસા ખાતે સ્વાતંત્ર્ય પર્વની ધામધૂમપૂર્વક ઉજવણી કરાઈ






મોડાસા, તા. ૧૬

૧૫મી ઓગષ્ટે ભારત વર્ષના ૭૦મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી સમગ્ર દેશમાં ધામધૂમપૂર્વક અને રંગેચંગે ઉજવણી કરવામાં આવી હતી. અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે સમગ્ર શહેર રોશનીથી ઝળહળી ઉઠ્યું હતું. શહેરના મુખ્ય માર્ગો પર દેશભક્તિના ગીતો સતત ગુંજતા રહેતા શહેરના નગરજનોમાં ૭૦મા સ્વાતંત્ર્ય પર્વનો અલભ્ય ઉત્સાહ જોવા મળ્યો હતો. શહેરમાં વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ, સરકારી કચેરીઓ, રાજકીય પક્ષો દ્વારા ૭૦મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરી યાદગાર બનાવ્યો હતો.

મોડાસા શહેરની શૈક્ષણિક સંસ્થાઓ જેવી કે મોડાસા કેળવણી મંડળ, મખદૂમ કેળવણી મંડળ, ધી. મ.લા. ગાંધી ઉચ્ચત્તર કેળવણી મંડળ, સરસ્વતિ વિદ્યાલય, મદની હાઈસ્કૂલ, ધી ઘાંચી હાઈસ્કૂલ, કરમીયા ગર્લ્સ હાઈસ્કૂલ, સરસ્વતી બાલ મંદિર મંડળ, સરકારી કચેરીઓ, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, ભારતીય જનતા પાર્ટી, મોડાસા શહેર કોંગ્રેસ સમિતિ, મોડાસા માર્કેટયાર્ડ, અર્ધ સરકારી કચેરીઓ દ્વારા ૭૦મા સ્વાતંત્ર્ય દિન નિમિત્તે ધ્વજવંદન, વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો, દેશભક્તિ ભાવના ઉજાગર કરતા નાટકોનું આયોજન કરવામાં આવ્યું હતું.

૬૧મા વર્ષમાં સતત શૈક્ષણિક સેવાઓમાં અગ્રેસર અને મધ્યમવર્ગીય તેમજ ગરીબવર્ગના બાળકોમાં ઉચ્ચ શિક્ષણ આપતી સરસ્વતિ બાલમંદિર મંડળની ડિપ શાખામાં ૭૦મા સ્વાતંત્ર્ય પર્વની રંગેચંગે ઉજવણી કરવામાં આવી હતી. મોડાસાના જાણીતા ઓર્થોપેડિક તબીબ ડૉ. સુરેશ વાઘેલાના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યુ હતુ. જેમાં સમારંભના અધ્યક્ષ મંડળના પ્રમુખ નિલેષભાઈ જોષી, નાનાલાલ પ્રજાપતિ, હિતેન્દ્ર જોષી, રેજીમોન વાઈ, જય અમીન તેમજ મંડળના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

# ઊંઝા ખાતે શ્રાવણ માસમાં ઠેરઠેર જુગારની બોલબાલા

ઊંઝા, તા. ૧૬

હિન્દુઓના પવિત્ર શ્રાવણ માસ દરમિયાન ધાર્મિકતાની આડમાં જુગારની બોલબાલા વધી જાય છે. દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ પવિત્ર શ્રાવણ માસને અનુલક્ષીને ઊંઝા તાલુકાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં ઠેરઠેર જુગારની હાટડીઓ શરૂ થઈ હોવાનું લોકમુખે ચર્ચાય છે.

પોલીસ દ્વારા અવારનવાર જુગાર અંગે દરોડાઓ પાડવામાં આવે છે. તેમ છતાં કોણ જાણે કેમ આ જુગારની બદી સદંતર બંધ થતી નથી. જુગારની હાટડી મુખ્યત્વે રહેણાંક મકાનો, દુકાનો, જાહેર રસ્તાઓ, સોસાયટી, પોળો, મહોલ્લાના નાકાઓ પર, ફાર્મ હાઉસો, ખેતરમાં આવેલ બોરની ઓરડીઓ અને કેટલાક ગેસ્ટ હાઉસોમાં જુગાર ચાલતો હોવાનું કહેવાય છે.

કહે છે કે, પોલીસ તંત્ર દ્વારા જુગારના અડ્ડા ચલાવતા રીઢા જુગારીઓ સામે કથિત હપ્તાની લાલચે ખાસ કોઈ અસરકારક પગલાં ભરાતાં નથી. તાલુકાના ઊંઝા અને ઉનાવા પોલીસ સ્ટેશનોની હદમાં દારૂ, જુગારના અડ્ડાઓ તેમજ અન્ય સમાજ વિરોધી બદીઓ અનિયંત્રિતપણે ફુલીફાલી હોવાનું ચર્ચાય છે.

# પ્રાંતિજ ખાતે જિલ્લા કક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવામાં આવી





પ્રાંતિજ, તા. ૧૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે ૧૫મી ઓગષ્ટે ૭૦મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સંસદીય સચિવ બાબુભાઈ જમનાદાસ પટેલ દ્વારા જિલ્લાકક્ષાનું ધ્વજવંદન કરવામાં આવ્યું હતું.

પ્રાંતિજ ખાતે આવેલ અવરઓન હાઈસ્કૂલના વિશાળ મેદાનમાં ૧૫મી ઓગષ્ટ જિલ્લાકક્ષાનો ૭૦મો સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સંસદીય સચિવ બાબુભાઈ જમનાદાસ પટેલ દ્વારા જિલ્લાકક્ષાનું ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. અને સચિવ દ્વારા પરેડ નિરીક્ષણ બાદ પ્રાસંગીક ઉદ્‌બોધન કર્યુ હતુ અને પોલીસ જવાનો દ્વારા અંગ કસરતના દાવો રજુ કરવામાં આવ્યા હતા. જ્યારે પ્રાંતિજ સહિત જિલ્લામાંથી ઉપસ્થિત વિવિધ સ્કૂલના કોલેજ વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. જેમાં પ્રાચીન ગરબા, યોગા, આદિવાસી નૃત્ય સહિતના સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા. આ પ્રસંગે સંસદીય સચિવના હસ્તે શાળા કોલેજના વિદ્યાર્થીઓ સહિતનું સન્માન કરવામાં આવ્યું હતું. જ્યારે આ પ્રસંગે સાંસદ દિપસિંહ રાઠોડ, પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, પૂર્વ શિક્ષણ મંત્રી જયસિંહ ચૌહાણ, નગરપાલિકા પ્રમુખ નિરવભાઈ પરીખ, જિલ્લા કલેક્ટર પી. સ્વરૂપ, જિલ્લા પોલીસવડા પ્રવિણ માલ, કેળવણી મંડળના પ્રમુખ રહિશભાઈ કસ્બાતી, પ્રાંતિજ તલોદ પ્રાંત અધિકારી એ.આર. ચૌધરી, મામલતદાર એ.એ. ડોડીયા, તાલુકા વિકાસ અધિકારી એ.જે. પટેલ, તાલુકા પ્રમુખ દક્ષાબેન સહિત રાજકીય આગેવાનો સહિત અગ્રણીઓ વગેરે ઉપસ્થિત રહીને ત્રિરંગાને સલામી આપી હતી.



સમગ્ર ભારતમાં ૭૦માં સ્વાતંત્રતા દિવસ ની ઉજવણી દેશમાં ધામધૂમ થઈ હતી ત્યારે બાયડ તક્ષશિલા વિધાલય ખાતે ૧૫મી ઓગસ્ટના રોજ નગરપાલીકા પ્રમુખ વરૂણ પટેલ દ્વારા રાષ્ટ્રધ્વજ ફરકાવી દેશ કેવી રીતે આઝાદ થયો હતો તેના વિશે બાળકોને જ્ઞાન આપ્યું હતું. તેમજ તક્ષશિલા વિદ્યાલયના ટ્રસ્ટી દ્વારા નગરપાલિકા પ્રમુખને પુષ્પગુચ્છ અર્પણ કરી સ્વાગત કર્યું હતું, વિધાલય નાં બાળકો ધ્વારા સાસ્કૃંતિ કાર્યક્રમ કર્યો હતો.

# પ્રાંતિજ ખાતે નવપલ્લવિત તળાવનું લોકાર્પણ કરાયું



પ્રાંતિજ, તા. ૧૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે નગરપાલિકા દ્વારા એક કરોડના ખર્ચે બનાવવામાં આવેલ ભાંખરીયા તળાવ બ્યુટીફીકેશન (ગાર્ડન)નું લોકાર્પણ સંસદીય સચિવના હસ્તે યોજાયુ હતુ.

પ્રાંતિજ ખાતે ૧૫મી ઓગષ્ટના શુભ દિવસે શેઠ પી.એન્ડ.આર. હાઈસ્કૂલ પાછળ નગરપાલિકા દ્વારા એક કરોડના ખર્ચે જાહેર હિત માટે અદ્યતન બનાવવામાં આવેલ ભાંખરીયા તળાવ બ્યુટીફીકેશન (ગાર્ડન)નું સંસદીય સચિવ બાબુભાઈ જમનાદાસ પટેલના હસ્તે ખુલ્લુ મુકવામાં આવ્યું હતું. જેમાં સાંસદ દિપસિંહ રાઠોડ, પૂર્વ મંત્રી જયસિંહ ચૌહાણ, જિલ્લા કલેક્ટર પી. સ્વરૂપ, પ્રાંત અધિકારી એ.આર. ચૌધરી, નગરપાલિકા પ્રમુખ નિરવભાઈ પરીખ, મામલતદાર એ.એ. ડોડીયા, ચીફ ઓફિસર ચેતનસિંહ ઝાલા સહિત નગરપાલિકા સદસ્યો તથા ભાજપ કાર્યકરો સહિત લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રાંતિજમાં શહેર ભાજપ દ્વારા પૂર્વ સંધ્યા નિમિત્તે મશાલ રેલી યોજાઈ




પ્રાંતિજ, તા. ૧૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે ૭૦મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીના ભાગરૂપે ભાજપ શહેર દ્વારા મશાલ સંઘર્ષ રેલી કાઢવામાં આવી હતી. જેમાં ભાજપના પૂર્વ મંત્રી સહિત ભાજપના કાર્યકરો જોડાયા હતા. પ્રાંતિજ ખાતે ભાજપ શહેર દ્વારા ૧૫મી ઓગષ્ટ સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીના ભાગરૂપે પ્રાંતિજ શહેરમાં ભાંખરીયા બસ સ્ટેશન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાથી બજારચોક સુધી મશાલ રેલી કાઢવામાં આવી હતી. જેમાં પૂર્વ શિક્ષણ મંત્રી જયસિંહ ચૌહાણ, ભાજપ શહેર પ્રમુખ વિજયભાઈ પટેલ, નગરપાલિકા પ્રમુખ નિરવભાઈ પરીખ, અરવિંદભાઈ પરમાર, સતીષભાઈ પંડ્યા, જગદીશભાઈ કિંમતાણી સહિત ભાજપ આગેવાનો કાર્યકરો મોટી સંખ્યામાં જોડાયા હતા.

# બનાસડેરી ખાતે સ્વાતંત્ર્ય પર્વની રંગારંગ ઉજવણી

પાલનપુર, તા. ૧૬

ખેડૂતોની સેવાને સાચા અર્થમાં દેશ સેવા તરીકે મુલવણી કરીને બનાસ ડેરી દ્વારા ૭૦મા રાષ્ટ્રીય પર્વ ૧૫મી ઓગષ્ટની ઉજવણી દેશભક્તિ ભર્યા માહોલમાં વાઈસ ચેરમેન માવજીભાઈ દેસાઈના વરદહસ્તે ત્રિરંગો લહેરાવી સલામી આપી રાષ્ટ્રગીતના ગાન સાથે કરવામાં આવી હતી. ત્યારે ડેરીનું સમગ્ર કેમ્પસ દેશભક્તિના નારા સાથે ગુંજી ઉઠ્યું હતું.

૧૫મી ઓગષ્ટ, સ્વાતંત્ર્ય દિની ઉજવણીના અવસરે સંબોધન કરતા ડેરીના વાઈસ ચેરમેન માવજીભાઈ દેસાઈએ કહ્યું કે બનાસડેરીએ મહા મહેનત કરીને વિશ્વ ફલક પર નામના મેળવી છે. આઝાદી પ્રાપ્ત કરવા અનેક નામી-અનામી જવાનો શહીદીને ભેટ્યા છે, વીર સાવરકર જેવા મહાન ક્રાંતિકારીને કાળા પાણીની સજા થઈ હતી અને બે વખત જન્મટીપ થઈ હતી. છતાં તેઓ અંગ્રેજોની સામે ઝુક્યા વગર આઝાદીની લડત સફળ કરવામાં મહત્વની ભૂમિકા નિભાવી હતી. આવનારો સમય ભારત દેશનો છે, આપણને આઝાદી સરળતાથી મળી નથી તે સારી રીતે જાણીએ છીએ. જેથી કરીને આપણે બધા ભેગા મળીને આઝાદીનું જતન કરવાનું છે. વર્તમાન સમયમાં પર્યાવરણની જાળવણી કરવી એ દેશવાસીઓની નૈતિક ફરજ છે. કુદરતી વાતાવરણની જાળવણી એ પણ દેશ સેવા છે. આપણે શોષિત વર્ગના લોકોના વિકાસ માટે કામ કરવાનું છે. શોષિત લોકોને કેવી રીતે સુખી કરી શકાય તે દિશામાં નક્કર કામ કરીશુ. તેઓએ ડેરીને વધુ ઊંચાઈના મુકામ તરફ લઈ જવાની વાત કરી હતી. બનાસડેરી આપણા લોકોની જીવાદોરી બની રહી છે તે આપણા માટે ગૌરવની વાત છે. ડેરીના આદ્ય સ્થાપક ગલબાકાકાનું સપનું હતું કે ગામડાના લોકો પોતાનું જીવન સુખથી જીવી શકે તે માટે આપણે સૌએ પ્રયત્ન કરતાં રહેવું જોઈએ. બનાસ પરિવારના લોકોમાં મુશ્કેલીને અવસરમાં બદલવાની આવડત રહેલી છે.

૧૫મી ઓગષ્ટ - રાષ્ટ્રીય પર્વ નિમિત્તે ડેરીના ઈન્ચાર્જ એમ.ડી. બીપીનભાઈ પટેલ સહિત વિશાળ સંખ્યામાં ડેરીના કર્મચારી ઉપસ્થિત રહ્યા હતા. આ રાષ્ટ્રીય પર્વના અવસરે ડેરીના વિવિધ ક્ષેત્રે ફરજ બજાવવા ઉપરાંત ઉત્કર્ષ કામગીરી કરવા બદલ કર્મચારીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા.

# શામળાજી-ગડાદર હાઈવે પર ટ્રક-કારને અકસ્માત : કાર ચાલકનો અદ્‌ભુત બચાવ




હિંમતનગર-શામળાજી હાઈવે પર આવેલા ગડાદર ગામ નજીક બનાવેલ બ્રીજ પર સોમવારે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. ગડાદર હાઈસ્કૂલમાં ફરજ બજાવતા ચંપકકુમાર વિરાભાઈ પટેલ (રહે. હિંમતનગર) ૧૫મી ઓગષ્ટ સોમવારે હાઈસ્કૂલમાં ધ્વજવંદન કરી હિંમતનગર પરત ફરી રહ્યા હતા ત્યારે તેમની કાર (ગાડી નં. જીજે૯બીએ૫૯૨૮)ને રાજસ્થાન તરફથી આવતા ટ્રકચાલકે પાછળથી કારને અડફેટે લેતાં કારના ફૂરતે ફૂરતા નીકળી ગયા હતા. સદનસીબે કારચાલક અને કારમાં સવાર તેમની દિકરી ગુડ્ડીનો અદ્‌ભુત બચાવ થતા અકસ્માતના પગલે દોડી આવેલા લોકોના મોંમાથી રામ રાખે તેને કોણ ચાખેના શબ્દો સરી પડ્યા હતા.

## ટીંટોઈમાં ૭૦મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી

મોડાસા, તા. ૧૬

મોડાસા તાલુકાની શ્રી પી.એમ. કોઠારી હાઈસ્કૂલ, ટીંટોઈમાં માર્ચ-૨૦૧૬માં ધોરણ-૧૨માં વિજ્ઞાન પ્રવાહમાં પ્રથમ નંબરે આવેલ વિદ્યાર્થી સંકેતકુમાર વિનોદભાઈ પ્રણામીના વરદહસ્તે ધ્વજવંદનવિધિ સમારોહ યોજાયો. જેમાં શ્રી ટીંટોઈ એજ્યુકેશન સોસાયટીના પ્રમુખ મનોજભાઈ ભટ્ટ, ચેરમેન પ્રહલાદસિંહજી બી. ચંપાવત, વા. ચેરમેન કમલભાઈ ભટ્ટ, કીર્તિભાઈ પી. શાહ, માનદમંત્રી સલિમભાઈ બાકરોલીયા તથા કારોબારી સભ્યો, શાળાના આચાર્ય વિજયકુમાર એમ. ભટ્ટ તથા શાળા પરિવાર, ગ્રામજનો તથા શાળાનાં ભુલકાઓએ ઉત્સાહભેર ભાગ લઈ ધ્વજવંદન કરી સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવામાં આવી.



## ૭૦મા સ્વાતંત્ર્ય પર્વની રાત્રી : બાળમજૂરીની ગુલામીમાંથી ક્યારે આઝાદ થશે બાળકો



સમગ્ર દેશ અને ગુજરાત રાજ્યમાં ૭૦મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીમાં પ્રજાજનો મશગૂલ બન્યા હતા ત્યારે અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના જાહેરમાર્ગો પર જળહળતી રાત્રીના સમયે એક જરૂરીયાતમંદ બાળક ફુગ્ગાના રમકડા વેચી પરિવારને મદદરૂપ થવા સંઘર્ષ કરતો બાળક નજરે ચડ્યો હતો. ગતિશીલ ગુજરાત, ડીજીટીલ ઈન્ડીયા, ગરીબ કલ્યાણ મેળા, વાઈબ્રન્ટ ગુજરાત જેવી તાયફા કરી કરોડો રૂપિયા ખર્ચી ગુજરાત રાજ્યને દેશ-દુનિયાના નકશા પર વાઈબ્રન્ટ ગુજરાત અને ગતિશીલ ગુજરાત હોવાની હવાનો ફુગ્ગો ફુલાવવામાં આવ્યો છે. જ્યારે બીજીબાજુ ગરીબરેખા નીચે અને શ્રમજીવી તરીકે જીવન ગુજારતા પરિવારો અને તેમના બાળકોની હાલત કફોડી અને દયનીય બની છે. બાળ મજબુરી દુર કરવા અનેક કાયદાઓ હોવા છતાં કાયદાનો અમલ ફક્ત અને ફક્ત કાગળીયા પુરતો સીમીત રહ્યો છે. ૭૦માં સ્વાતંત્ર્ય પર્વની રાત્રીએ દેશ આઝાદ થયો પણ આ માસુમ બાળક ક્યારે આ લગુલામીમાંથી આઝાદ થશે, ક્યારે સાચી દિશામાં ગુજરાતનો વિકાસ થશે તે તો જોવું રહ્યું.